જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૪/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૬૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૮૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૬૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૬૮/૧૭

**પાલડી** : કૃણાલ રાજેન્દ્રભાઈ વાદી (રહે,મંગલપાર્ક સોસાયટી બોડી લાઈન હોસ્પિટલની સામે નવા વિકાસગૃહ રોડ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૪/૧૭ ના કલાક ૧/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ પોતાનાં મકાનના છજા ઉપર ચઢીને પહેલા માળે આવેલ સ્લાયડરની ખુલ્લી બારી વાટે ઘરમા પ્રવેશ કરી, બેડરૂમમાં આવેલ તિજોરીમાંથી (૧) ડાયમંડ બ્રેસલેટ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- (૨) એક સોનાની તુટેલી ચેઈન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૩) એક સોનાની પ્લેટીનીયમની ચેઈન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૪) ડાયમંડની બુટ્ટી ત્રણ જોડ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- (૫)સોનાની વિંટી કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૬) ત્રણ લેડીઝ વિંટી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- (૭) ડાયમંડની લેડીઝ વિંટી નંગ-૦૨ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- (૮) ડાયમંડના બે મંગળસુત્ર કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- (૯) ચાંદીનો ઝુડો કિંમત રૂપિયા ૪,૦૦૦/- (૧૦) સોનાની બંગડી નંગ-૦૨ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- (૧૧) મોતીનો તથા ચાંદીનાં સેટ નંગ-૦૨ કિંમત રૂપિયા ૮,૦૦૦/- તથા રોકડ રકમ રૂપીયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૨૨,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**મેઘાણીનગર** : રાજુભાઇ બાબુલાલજી માળી (રહે,ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૪/૧૭ રાતના ૧૧/૪૫ થી તા.૨૪/૪/૧૭ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાનાં મકાનમાં કોઇ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીનું બોક્સ ખોલી અંદર ગલ્લામાં મુકેલ સોનાનો હાર કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- તથા એક ચાંદીનો કંદોરો કિંમત રૂપિયા ૫,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.પી.પટેલ ચલાવે છે.

**બાપુનગર** : અમીતભાઇ લાલજીભાઇ ઠુમ્મર (રહે,સરસ્વતી હવેલીની બાજુમા ઇન્ડીયાકોલોની બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૪/૧૭ ના કલાક ૧/૦૦ થી તા.૨૪/૪/૧૭ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની દુકાન નંબર ૨/૨૨ નું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી રૂપિયા ૩૦,૦૦૦/- ની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**<u>સોનાની તુલસીની માળા ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૬૯/૧૭</u>**

**ઇસનપુર** : બિપિનચંદ્ર જયરણછોડ શાહ (ઉ.વ.૫૭)(રહે.તુલસીકુંજ ટેનામેન્ટ મંગલમુર્તિ સોસાયટી સામે, કેનાલ રોડ અમુલ પાર્લરની સામે ઘોડાસર) તા.૨૩/૪/૧૭ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર મંગલેશ્વર મહાદેવજીના મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૦ થી ૨૨ વર્ષના આશરાના) બિપીનચંદ્રના ગળામાંથી સોનાની તુલસીની માળા કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બિપીનચંદ્ર શાહે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ ચાવડા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૭૦/૧૭</u>**

**વાડજ** : સંજયભાઇ મોહનભાઇ વાઘેલા (ઉ.વ.૩૪)(રહે,આનંદનગર એપાર્ટમેન્ટ અખબારનગર નવા વાડજ) એ તા.૨૪/૪/૧૭ નાં કલાક ૧/૩૦ વાગે જૈનદેરાસર આનંદનગર ચાર રસ્તા પાસે રોડ ઉપર પોતાની મહીન્દ્રા બોલેરો કાર નંબર જીજે ૧ ડી.એક્સ. ૨૬૦૫ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સંજયભાઇ વાઘેલાએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૭૧/૧૭</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન** : કંચનપ્રસાદ બાલેશ્વરપ્રસાદ ચૌહાણ (રહે.સુમિત્રા નિવાસ, સરદારચોક, વિરાટનગર, ઇસનપુર) એ તા.૨૫/૪/૧૭ નારોજ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૪/૧૭ રાતના ૮/30 વાગ્યાના સુમારે ગોવિંદવાડીથી વિશાલનગર તરફ જવાના રોડ ઉપર કુલવાડી પાર્ક સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા મોટર સાયકલનાં ચાલકે પુરઝડપે અને બેદરકારીથી મોટર સાયકલ ચલાવી લાવતાં, કંચનપ્રસાદને ટક્કર મારતા, શરીરે ડાબા પગે અને થાપા ઉપર ગંભીર ઈજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૪/૧૭ નાં કલાક ૧/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ. એન.કે.ગોસ્વામી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)